## હરિની દૃષ્ટિ...
- હરિન ભટ્ટ




**આજના દિવસે એટલું જ કહીશ કે કોરોના બાદ બધાના ધંધા બંધ થઈ ગયા છે... એક યોગ કરતા બાબાનાં ધંધો અનેકગણો વધ્યો છે... તેથી યોગનું મહત્વ તમને સમજાશે...**

# હોસ્પિટલમાં મે માસમાં સાડા આઠ હજાર કિલો બાયો મેડીકલ વેસ્ટ નીકળ્યો

## છેલ્લા બે માસમાં સમગ્ર દેશમાં કેરળ પછી ગુજરાતમાંથી સૌથી વધુ બાયો મેડીકલ વેસ્ટ ઉત્પન્ન થયો છે

ગાંધીનગર, તા.૨૦

વૈશ્વિક મહામારી કોરોનાએ ચોતરફ હાહાકાર મચાવ્યો હતો. જેમાં રાજયનું પાટનગર પણ બાકાત રહેવા પામ્યું નથી. કોરોનાના કપરા સમયમાં નગરની સરકારી તેમજ ખાનગી હોસ્પિટલ દર્દીઓથી ઉભરાઈ રહી હતી. ત્યારે ગાંધીનગર સિવિલમાં પણ એક તબક્કે ૪૫૦થી વધુ દર્દીઓ સારવાર હેઠળ હતા. ત્યારે એક સર્વે પ્રમાણે છેલ્લા બે માસમાં સમગ્ર દેશમાં કેરળ પછી ગુજરાતમાંથી સૌથી વધુ બાયો મેડીકલ વેસ્ટ ઉત્પન્ન થયો છે. ગાંધીનગર શહેરની સરકારી કોવીડ હોસ્પિટલમાંથી બાયો મેડીકલ વેસ્ટ પેદા થયો છે. ગાંધીનગર મેડીકલ કોલેજ સંચાલિત હોસ્પિટલમાં સામાન્ય મહિનામાં પાંચ હજાર કિલો બાયો મેડીકલ વેસ્ટ નીકળતો હતો. ત્યારે મે માસમાં બાયો મેડીકલ વેસ્ટ વધીને સાડા આઠ હજાર કિલો સુધી પહોંચી ગયો હતો. ગાંધીનગર સિવિલમાં એપ્રિલ મહિનામાં સાત હજાર કિલો કોવિડ વેસ્ટ, જયારે ચાર હજાર કિલો જેટલો નોન કોવીડ વેસ્ટ નીકળ્યો હતો.જયારે મે માસમાં સાડા આઠ કિલો કોવીડ વેસ્ટની સામે ચાર હજાર કિલો નોન કોવીડ વેસ્ટ પેદા થયો હતો. સિવિલ તંત્ર દ્વારા મેડીકલ વેસ્ટના નિકાલ માટે એક એજન્સીને કામ આપ્યું છે. આ એજન્સી નોન કોવીડ અને કોવીડ વેસ્ટ લઈ જઈને છુટા પાડીને તેનો યોગ્ય રીતે નિકાલ કરે છે. સિવિલ તંત્ર દ્વારા નોન કોવીડ વેસ્ટના એજન્સીને રૂ.૨૯.૫૦ તેમજ કોવીડ વેસ્ટનો રૂ.૩૭ પ્રતિ કિલોનો ભાવે રૂપીયા ચુકવવામાં આવે છે. ત્યારે સિવિલ તંત્ર દ્વારા છેલ્લા બે માસમાં રૂ.૮ લાખ અંદાજીત બાયોમેડીકલ વેસ્ટના ચુકવવામાં આવ્યા છે.

# વરસાદી મોસમમાં ભજીયા ખવડાવવા વેપારીને ભારે પડ્યા..!

ગાંધીનગર, તા.૨૦

વરસતા વરસાદમાં ગરમા ગરમ ભજીયા-દાળવડા ખાવાની સાથે ચા ની ચુસકી માણવાની અનેરી મજા હોય છે. ગાંધીનગર શહેરમાં પણ વરસાદી માહોલ જામે છે ત્યારે નગરજનો ઠેર ઠેર ગોટા-દાળવડા લેવા માટે



રીતસર દોડધામ કરી મુકે છે. જુના સચિવાલય મીના બજાર ખાતે આવેલા મયુર ભજીયા હાઉસ વર્ષોથી પ્રખ્યાત છે. ત્યારે શહેરમાં ગઈકાલે વરસાદ વરસી રહ્યો હતો તે સમયે સ્વાદના શોખીનોએ મયુર ભજીયા હાઉસ ખાતે ભજીયા ખાવા ભારે ભીડ જામી હતી. વરસાદી માહોલમાં ગ્રાહકોને ભજીયા ખવડાવવા વેપારીને ભારે પડ્યા છે. શનિવારના રોજ વરસાદી માહોલમાં મીના બજાર સ્થિત મયુર ભજીયા હાઉસ ખાતે ભારે ભીડ એકઠી થઈ હતી. જયારે વેપારી દ્વારા પણ કોઈ સોશ્યલ ડિસ્ટન્સ જળવાય તે પ્રકારનું કોઈ આયોજન કરવામાં આવ્યું ન હતું. સેકટર-૭ પોલીસને મીના બજાર ખાતે ભીડની જાણ થતા પોલીસ તાત્કાલીક સ્થળ પર પહોંચતા ગ્રાહકોની ભીડ દેખાઈ હતી. પોલીસે વેપારીનુ નામ પુછતા મનસુખભાઈ જાદવભાઈ આરદેસણા (ઉં.૬૦ વર્ષ રત્નરાજ રેસિડેન્સી સરગાસણ), હોવાનું જણાવ્યું હતું. જેથી પોલીસે વેપારી સામે જાહેરનામા ભંગ અને મહામારી અધિનિયમ હેઠળ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રવિવારે શહેરમાં ૨૦૦થી વધારે વૃક્ષોનું વૃક્ષારોપણ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર સોશ્યિલ એકટીવીટી ગ્રુપ અને વર્ષ ૨૦૧૮માં સાથે ભણેલા હિસાબી અધિકારીઓ દ્વારા આજે રવિવારની રજાના દિવસે સેક્ટર-૮ની સરકારી પ્રાથમિક શાળા ગાંધીનગરમાં ૬૦ વૃક્ષોનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું જેમાં પેલ્ટો નામના વૃક્ષો વાવવામાં આવ્યા હતા. આ શાળામાં કાર્યક્રમ હિસાબી અધિકારી અને ગુજરાત



રાજયના એક ખુબ સંવેદનશીલ લેખિકા, વાયુદળના વિંગ કમાન્ડર તાપસ રંજન સાહુના ધર્મપત્ની સ્વ.શ્વેતા મહેતા જેમણે ત્રણ માસ પહેલા કોરોનામાં પોતાનો જીવ ગુમાવ્યો છે તેમના પર્યાવરણ તેમજ વૃક્ષારોપણ પ્રત્યેના લગાવ અને વિચારોને જીવંત રાખવાના પ્રયાસ રૂપે યોજવામા આવ્યો હતો. આ સાથે વિંગ કમાન્ડર તાપસ રંજન સાહુ દ્વારા નજીકના દિવસોમાં વધુમાં વધુ વૃક્ષો વાવવાનો સંકલ્પ કરવામાં આવ્યો છે. અને તેમના આવા દ્રઢ સંકલ્પને ગાંધીનગર સોશ્યિલ એકટીવીટી ગ્રુપ દ્વારા વધાવી લેવામાં આવ્યો છે. આ સાથે ગાંધીનગર સોશ્યિલ એકટીવીટી ગ્રુપ અને સેક્ટર-૨૬ ગ્રીન સિટીના રહેવાસીઓ દ્વારા સેક્ટરના હનુમાન મંદિર આગળ ૧૫૦ વૃક્ષોનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું જેમાં બોરસલી, મહુડા, બહેડા, પેલ્ટો, સરગવો, જાંબુ, બીલી પત્ર અને લીમડાના વૃક્ષો લગાવામાં આવ્યા હતા. રહીશો દ્વારા વૃક્ષો ઉછેરવાનો સંકલ્પ કરવામાં આવ્યો છે. આગામી દિવસોમાં પણ સેક્ટર ૨૭, સે. ૧૬ અને સે. ૨૦ની સરકારી પ્રાથમિક શાળામાં પણ વૃક્ષારોપણનું આયોજન કરવામાં આવશે.

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર મનપામાં વૉટર એ.ટી.એમ. બંધ થઈ જતાં તેની કેબિનો પણ તંત્ર દ્વારા હટાવી દેવાઈ છે.

● કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહની જિલ્લાની મુલાકાતને પગલે આજે રવિવારે પણ તંત્ર સતત દોડતુ રહ્યુ હતુ.

● ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૩૬૫૯ લાભાર્થીઓને વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા.

● ગાંધીનગર શહેરમાં ૨૪૨૪ લોકોને વેક્સિનેશન અભિયાનમાં આવરી લેવામાં આવ્યા હતા.

● શ્રમિકોના પરિવારના બાળકોને પણ પૂરક પોષણ અભિયાન હેઠળ આવરી લેવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

● જિલ્લામાં અત્યાર સુધીમાં સરેરાશ બે ઈંચ વરસાદ નોંધાયો છે. જે સિઝનનો કુલ ૭.૬૪ ટકા જેટલો વરસાદ થયો છે.

● જિલ્લામાં ૨૩મી સુધી મહત્તમ તાપમાન ૩૬ થી ૩૮ ડિગ્રી સે. અને લઘુત્તમ તાપમાન ૨૬ ડિગ્રી રહેશે તેવુ હવામાન પૂર્વાનુમાનમાં કહેવામાં આવ્યુ છે. જ્યારે હવામાં ભેજનું પ્રમાણ ૩૩ થી ૬૮ ટકા વચ્ચે રહેવાની સંભાવના વ્યક્ત કરાઈ છે.

● ગાંધીનગર શહેરમાં આજે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પીયનશીપની મેચમાં ભારતીય બેટ્સમેનોના નિરાશાજનક દેખાવથી ક્રિકેટ રસિયાઓ નારાજ થયા હતા.

● ચોમાસાની સિઝનનો આરંભ થઈ રહ્યો છે ત્યારે રેઈનકોટ અને છત્રીના ભાવમાં ઉછાળો જોવા મળી રહ્યો છે.

# મહાનગર ભાજપના મીડિયા સેલની બેઠક યોજાઈ



ભાજપા પ્રદેશ પ્રવકતા યમલભાઈ વ્યાસ તેમજ પ્રદેશ મીડિયા કન્વીનર ડૉ. યજ્ઞેશભાઈ દવેની વિશેષ ઉપસ્થિતિમાં ભારતીય જનતા પાર્ટી ગાંધીનગર મહાનગરના મીડિયા વિભાગની બેઠક ભૈરવનાથ પાર્ટી પ્લોટ, રાયસણ ખાતે યોજાઈ હતી. આ બેઠકમાં મહાનગરના પ્રભારી મોહનલાલ પટેલ, મહાનગરના પ્રમુખ ઋચિર ભટ્ટ, ઝોન મીડિયા કન્વીનરશ્રીઓ હિતેશ પટેલ, રાજીકાબેન કચેરિયા ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં મહાનગરના મીડિયા કન્વીનર-સહકન્વીનર તેમજ મહાનગર મીડિયા ટીમના સભ્યશ્રીઓ, વોર્ડન મીડિયા કન્વીનર-સહકન્વીનરશ્રીઓએ હાજર રહી માર્ગદર્શન પ્રાપ્ત કર્યું હતું.

# કેનેડામાં આઠ વર્ષીય મીવા રાવલે મેથ્સ ન્યુમેરિકલ કોમ્પિટીશનમાં પ્રથમ ક્રમાંક મેળવ્યો

ગાંધીનગર, તા.૨૦

કેનેડામાં આલ્બર્ટા સ્ટેટમાં આવેલા ફોર્ટમાં વર્ષોથી રહેતા ગુજરાતી પરિવારના શાળામાં અભ્યાસ કરતા બાળકો અવનવી



કોમ્પિટેશનમાં ભાગ લેતા હોય છે. તાજેતરમાં અલોહા માઈન્ડ મેથ્સ ન્યુમેરિકલ કોમ્પિટીશન યોજાઈ હતી જેમાં સેકન્ડ સ્ટાન્ડર્ડમાં અભ્યાસ કરતી આઠ વર્ષીય મીવા જિજ્ઞેષકુમાર રાવલે લેવલ થ્રીમાં પ્રથમ ક્રમાંક હાંસલ કરીને ટ્રોફી મેળવી છે.

અલોહા માઈન્ડ મેથ્સ ન્યુમેરિકલ કોમ્પિટેશનમાં કેલ્ક્યુલેટરનો ઉપયોગ કર્યા વિના જ ન્યુમેરિકલ સ્કીલ બાળકોમાં કેટલી છે, તે નક્કી કરવામાં આવે છે. અને આ કોમ્પિટેશન બાળકોમાં એલિબિટી વધારે છે. આ કોમ્પિટેશનમાં કેલ્ક્યુલેટર, પેન, કે કાગળનો ઉપયોગ કર્યા વિના જ મેથ્સના જવાબો બાળકો કેટલી સેકન્ડમાં આપે છે તેના આધારે સ્કોર નક્કી થતો હોય છે. તાજેતરમાં જ ફોર્ટ મેકમરીમાં અલોહા માઈન્ડ મેથ્સ ન્યુમેરિકલ કોમ્પિટેશન યોજવામાં આવી હતી જેમાં મીવા જિજ્ઞેષકુમાર રાવલે થ્રી-લેવલ કોમ્પિટેશનમાં ભાગ લઈને પ્રથમ ક્રમાંક હાંસલ કર્યો હતો. મીવા રાવલને પાંચ મિનીટમાં મેથ્સના ૪૫ પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા જેમાં મીવાએ સમય મર્યાદા પહેલા જ તમામ પ્રશ્નોના સાચા જવાબો આપ્યા હતા. આ કોમ્પટેશનમાં અનેક સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરતા મીવા રાવલને ટ્રોફી અને સર્ટીફિકેટ્સ એનાયત કરવામાં આવ્યા હતા.

**ઈન્ડેક્ષ્ટ-સી, ઈન્ડસ્ટ્રીયલ એક્ષ્ટેન્શન કોટેજ (ગુજરાત સરકારની સંસ્થા)**
બ્લોક નં. ૭/૧, ઉદ્યોગભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર, ઓફીસ : (૦૭૯) ૨૩૨૫૬૦૦૫
E-mail : exdire-indext-c@gujarat.gov.in

**હાથશાળ-હસ્તકલાના મેળા-પ્રદર્શનમાં ભાગ લેવા બાબત**

ગુજરાત સરકારના કુટિર અને ગ્રામોદ્યોગ ખાતા હેઠળના ઈન્ડેક્ષ્ટ-સી દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨માં રાજ્યમાં તથા રાજ્ય બહાર વિવિધ સ્થળોએ હાથશાળ-હસ્તકલાના પ્રદર્શન-સહ-વેચાણ મેળાના આયોજન થકી રાજ્યના હાથશાળ - હસ્તકલા અને ગ્રામોદ્યોગ ક્ષેત્રના વ્યક્તિગત કારીગરો / ઓદ્યો. સહ. મંડળીઓ / સંસ્થાઓ / સખી મંડળોને સીધી બજાર વ્યવસ્થા પુરી પાડી આત્મનિર્ભર કરવાનું આયોજન છે. આ મેળા - પ્રદર્શનમાં ભાગ લેવા માટે ઈન્ડેક્ષ્ટ-સીનું કારીગર ઓળખકાર્ડ ધરાવતા કારીગરો તથા DC હેન્ડીક્રાફ્ટ (GOI) દ્વારા આપવામાં આવેલ કારીગર ઓળખકાર્ડ, ઓદ્યો.સહ. મંડળી / સંસ્થાઓ / સખી મંડળો પાસેથી અરજી મંગાવવામાં આવે છે.

રાજ્યના હાથશાળ - હસ્તકલા ક્ષેત્રના રાજ્ય તથા રાષ્ટ્રીય એવૉર્ડ વિજેતા કારીગરો તથા રાજ્યની લુપ્ત થતી હસ્તકલાના કારીગરોને વિના મુલ્યે સ્ટોલ આપવામાં આવશે તથા ઉચ્ચક રૂ. ૫,૦૦૦/-ની સહાય નિયમ મુજબ શરતોને આધિન ચુકવવામાં આવશે. જે મેળામાં જીવંત નિદર્શન (લાઈવ ડેમો) કરાવવામાં આવશે તે માટે નિયત મહેનતાણું આપવામાં આવશે.

આ માટે નિયત અરજીફોર્મ ઈન્ડેક્ષ્ટ-સીની વેબસાઈટ www.craftofgujarat.gujarat.gov.in ઉપરથી ડાઉનલોડ કરી તમામ વિગતો ભરેલું અરજી ફોર્મ તા. ૨૦/૭/૨૦૨૧ સુધીમાં ઉપરોક્ત જણાવેલ સરનામે મોકલી આપવાનું રહેશે. વિગતવાર માહિતી માટે ઈન્ડેક્ષ્ટ-સીની વેબસાઈટ જોવા અનુરોધ છે.

**નોંધ : વર્ષ ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧માં અરજી કરેલ હોય તેમણે નવી અરજી કરવાની રહેશે નહીં.**

માહિતી/૪૪૬/૨૧-૨૨ — કાર્યવાહક નિયામક

